અમે મૈયારાં રે... ગોકુળ ગામનાં મારે મહી વેચવાને જાવાં મૈયારાં રે... ગોકુળ ગામનાં...

ભવાનીવડ, હરિપુરા

રત્નદીપ સોસા. ભટાર રોડ

પોલીસ કોમ્યુનિટી હોલ, અઠવાલાઇન્સ

ગોરાટ હનુમાન મંદિર, રાંદેર રોડ

ઊંચા આસને નહીં પણ ભક્તોની સાથે જમીન પર બિરાજે છે મા મોમાઈ

સમગ્ર ભારતમાં સિંદુરિયા મોમાઈ માતાજીના માત્ર ત્રણ જ મુખ્ય ધામ આવેલા છે–મુંબઈ, કચ્છ અને ત્રીજું આપણા સુરતમાં! સલાબતપુરાથી આંજણા તરફ જતાં કોઈલી ખાડી પાસે આવેલું આ ધામ આશરે ૨૫૦થી ૩૦૦ વર્ષ જૂનું છે. પૌરાણિક કથા મુજબ, જ્યારે આ વિસ્તાર દંડકારણ્ય વનનો ભાગ હતો, ત્યારે માતાજી મુંબઈથી કચ્છ તરફ જતાં અહીં વૃક્ષ નીચે વિસામો લેવા રોકાયા હતા. સ્થાનિક સાધુ-સંતોને અસુરના ત્રાસમાંથી મુક્ત કરવા માતાજીએ યુદ્ધ આદર્યું. પરંતુ રાક્ષસના રક્તનું ટીપું જમીન પર પડતાં જ નવા અસુરો પેદા થતા હતા. આથી માતાજીએ પોતાના બાહુઓમાંથી 'શ્રી લાલબાઈ માતા' અને 'શ્રી કુલબાઈ માતા'ને પ્રગટ કરી સમગ્ર અસુર સેનાનો સંહાર કર્યો. આજે પણ ગર્ભગૃહમાં આ ત્રણેય દેવીઓ સાથે પૂજાય છે. આ મંદિરની સ્થાપના ઉભરાટ માતાજીના પૂજારી અમૃતગિરિ મહારાજે કરી હતી, અને આજે તેમની છઠ્ઠી-૭મી પેઢી સેવા આપી રહી છે. મંદિરની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં માતાજી કોઈ ઊંચા સિંહાસન પર નહીં, પણ ભક્તોની સાથે એક સરખા ફ્લોર લેવલ પર બિરાજે છે! કહેવાય છે કે જ્યારે એક શિલ્પકારે કારણ પૂછ્યું, ત્યારે માતાજીએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું હતું: "હું મારા બાળકોથી ઊંચા આસને બેસવા નથી માગતી, મને મારા બાળકોની સાથે જમીન પર જ રહેવું છે." અહીં આસો અને ચૈત્ર નવરાત્રીમાં બિલકુલ કલકત્તાના બંગાળી ઠાઠથી ઘટસ્થાપના અને શૃંગાર પૂજા થાય છે. આ ઉપરાંત, ગર્ભગૃહની બાજુમાં આવેલા શ્રી કોહ્યા બાવાજી (મહારાજ બાપજી)ની ગાદી પરથી અપાતું પવિત્ર જળ પીવાથી બાળકો અને મોટેરાઓના ચામડીના અસહ્ય રોગો મટી જતા હોવાની ભક્તોમાં દ્રઢ માન્યતા છે.

માતાજીએ પોતાના બાહુઓમાંથી 'શ્રી લાલબાઈ માતા' અને 'શ્રી કુલબાઈ માતા'ને પ્રગટ કરી સમગ્ર અસુર સેનાનો સંહાર કર્યો

વિમ્મી વિષ્ણુ ચેવલી

પાંડેસરા GIDCની મિલમાં ખુલ્લી ગટરમાં પડી જવાથી

બાળકીના મોત મામલે મિલને નોટિસ, ઈન્ડ. સેફ્ટી વિભાગની તપાસ શરૂ

મિલમાલિક સામે પોલીસની હળવી કલમો સામે સખ્ત કાર્યવાહીની તૈયારી, બેદરકારીથી મોતની ફરિયાદ અંગે તપાસ

સુરતઃ પાંડેસરા GIDC વિસ્તારમાં આવેલી રાધિકા પ્રિન્ટ મિલના પરિસરમાં ખુલ્લી ગટરમાં પડી જવાથી 8થી 9 મહિનાની માસૂમ બાળકી ગૌરીનું મોત નીપજવાની કરુણ ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગે મિલને નોટિસ ફટકારી તપાસ શરૂ કરી છે.

મિલના પરિસરમાં ખુલ્લી ગટર હોવા છતાં સુરક્ષાનાં પૂરતાં પગલાં લેવાયાં હતાં કે નહીં અને નિયમો મુજબ બાળકોને પ્રવેશની મંજૂરી ન હોવા છતાં બાળકી મિલની અંદર કેવી રીતે પહોંચી, તે સહિતના મુદ્દાઓની તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ, પોલીસ દ્વારા મિલમાલિક સામે હળવી કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી હોવાની ચર્ચા વચ્ચે ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગ દ્વારા આ મામલે વધુ કડક કાર્યવાહી કરવાની દિશામાં તપાસ ચાલી રહી છે. મળતી વિગતો અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના શ્રમિક પરિવારની બાળકી ગૌરીનાં માતા-પિતા રાધિકા પ્રિન્ટ મિલમાં કામ કરી રહ્યાં હતાં. દરમિયાન બાળકી મિલના પરિસરમાં રમી રહી હતી ત્યારે અચાનક ખુલ્લી ગટરમાં પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં માસૂમ બાળકીનું મોત થતાં શ્રમિક પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. પરિવારજનો દ્વારા મિલ પ્રશાસનની બેદરકારી અને ખુલ્લી ગટરને કારણે બાળકીનો જીવ ગયો હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ ઘટનામાં મિલમાલિક સામે પોલીસે હળવી કલમો હેઠળ કાર્યવાહી કરી હોવાની વિગતો સામે આવી છે. જોકે, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગ આ મામલે વધુ સખ્તાઈથી કાર્યવાહી કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. મિલ પ્રશાસનની બેદરકારીને કારણે બાળકીનું મોત થયું હોવાની ફરિયાદ નોંધાવવા અંગે પણ તપાસ ચાલી રહી છે. તપાસમાં બેદરકારી સામે આવશે તો જવાબદારો સામે કડક કાર્યવાહી થવાની શક્યતા છે.

ગરબા આયોજનોમાંથી ફૂડનાં 18 સેમ્પલ લેવાયાં, 6ને નોટિસ

મનપાના ફૂડ ફેસ્ટિવલમાંથી પણ 8 નમૂના લેવાયા

સુરતઃ મનપાની ટીમ દ્વારા તા.14 મી ઓક્ટોબરે વિવિધ મોટા ગરબા આયોજકોના ત્યાં કુલ 36 ફુડસ્ટોલ પર ચેકિંગ કરવામાં આવ્યું હતું અને 18 સેમ્પલ લઈ 6ને નોટિસ પણ ફટકારી હતી. ઝુંબેશ દરમ્યાન આયોજકોના સ્થળો પર ફૂડ સ્ટોલ્સનું ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ઘનિષ્ઠ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ખાદ્યપદાર્થ વિક્રેતાઓને સ્ટોલ પર સંપૂર્ણ સ્વચ્છતા જાળવવા તેમજ સ્વચ્છતાના નિયમોનું પાલન કરવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. ખાદ્ય પદાર્થો બનાવતા તથા પીરસતા કારીગરો દ્વારા ફરજિયાતપણે એપ્રોન, ટોપી અને ગ્લોઝ (મોજાં) પહેરવા બાબતે વિશેષ તાકીદ કરવામાં આવી હતી. ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તાયુક્ત અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ સાથે નિયમભંગ બદલ નોટિસો ફટકારવામાં આવી હતી. હંગામી લાઈસન્સ મેળવવા અંગે સ્થળ પર જ માર્ગદર્શન આપી, તમામ વેપારીઓને તાત્કાલિક લાઈસન્સ મેળવી લેવા માટે આદેશ કરવામાં આવ્યા છે. વિવિધ ફૂડ સ્ટોલ્સમાંથી શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂનાઓ લઈ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત ફૂડ ફેસ્ટિવલ ખાતેથી પણ વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓના કુલ 8 નમૂના લેવામાં આવ્યા છે અને તેને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

ગરબા આયોજનોમાં કરાયેલ ફૂડ ઇન્સ્પેક્શન, સેમ્પલિંગ અને આપેલી નોટિસની વિગતો

» ઉમિયાધામ મંદિર (એ.કે રોડ, સુરત): ફૂડ સ્ટોલની સંખ્યા- 3, નમૂના 3, » શ્રી ઓટલો નવરાત્રી (પાટીદાર સેવા સદન, મોટા વરાછા, સુરત): ફૂડ સ્ટોલની સંખ્યા- 4, નમૂના 3 » દયાલજી પાર્ટી પ્લોટ (મજુરા ગેટ, સુરત): ફૂડ સ્ટોલની સંખ્યા- 23, નમૂના 5, » ધ ગરબા ગ્લોબલ વિલેજ (હેપ્પી રેસીડન્સી સામે, વેસુ, સુરત): ફૂડ સ્ટોલની સંખ્યા 6, નમૂના 7, નોટિસ -6

અઠવાલાઇન્સમાં પારીજાત કોમ્પ્લેક્સની બાલ્કનીનો ભાગ ધસી પડ્યો

સુરત : અઠવાલાઈન્સ વિસ્તારમાં લાલ બંગલો નજીક આવેલી પારિજાત કોમ્પ્લેક્સની બીજા માળની બાલકનીનો ભાગ અચાનક ધરાશાયી થઈને બાજુના મકાન પર પડ્યો હતો. આ બિલ્ડીંગ અત્યંત જર્જરિત હાલતમાં હતી અને સદનસીબે તેમાં કોઈ રહેતું ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. આસોપાલવ સોસાયટી પાસે બનેલી આ ઘટના અંગે સવારે 11:30 કલાકે કંટ્રોલ રૂમને કોલ મળતાની સાથે જ તંત્ર ત્વરિત હરકતમાં આવ્યું હતું. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક રૂંઢ ફાયર સ્ટેશનથી ફાયરની ગાડી અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી. ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક સ્થિતિ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો અને વધુ કોઈ જોખમ ન સર્જાય તે માટે જરૂરી સુરક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવામાં આવ્યું હતું.

પ્રતિબંધિત કોરેક્ષ સિરપ સાથે બે ઝડપાયા

સુરતઃ પુણા પોલીસે સાંઈબાબા મંદિરની સામે, કુબતરસર્કલથી પરવટ પાટિયા ચાર રસ્તા તરફ જતા રોડ પર વગર પાસ-પર્મિટે ગેરકાયદે નશાયુક્ત કોડેન (કોરેક્ષ) સિરપની બોટલોની હેરાફેરી કરતાં વિપીનભાઈ સામતભાઈ બાવલીયા (ઉં.વ.૩૭, હીરા મજૂરી, રહે., રવિપાર્ક સોસાયટી, મુર્ધા કેન્દ્રની પાસે, કાપોદ્રા, મૂળ નવા, તા.બાવળા, જિ.અમદાવાદ) અને દિનેશભાઈ કરમશીભાઈ વેગળ (ઉં.વ.૪૬, હીરા મજૂરી, રહે., કલ્યાણ કુટીર સોસાયટી, ચીકુવાડી, નાના વરાછા, મૂળ ભડભીર, તા. વલ્લભીપુર, જિ.ભાવનગર)ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ.૬,૧૪૮ની નશાયુક્ત કોડેન (કોરેક્ષ) સિરપની કુલ ૫૮ બોટલ, મોબાઈલ, બાઈક મળી કુલ રૂ.૭૧,૧૪૮ની મત્તા કબજે કરી છે. સિરપની સપ્લાય કરનાર ઈસમ 'સાહીદ' નામના શખ્સને વોન્ટેડ જાહેર કરાયો છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — કુડસદ શાખા : મુ. અને પોસ્ટ. કુડસદ, તાલુકા : ઓલપાડ, જીલ્લો : સુરત E-mail : kudsad@bankofbaroda.com

સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની ધારા ૧૩ની પેટા કલમ(૨) હેઠળ દેવાદારને નોટીસને નોટીસ (હવે પછી અહીં એકટ તરીકે ઉલ્લેખાશે).

પ્રતિ, **શ્રીમતી ઉર્વશીબેન કેતનભાઈ મેર (દેવાદાર) અને શ્રી કેતન દિનેશભાઈ મેર (સહ–દેવાદાર)**
સરનામું –૧ : પ્લોટ નં.૪૨, ગ્રીન હેવન થી સાયણ કીમ રોડ, ગામ–મુળદ ઓલપાડ, સુરત, ગુજરાત–૩૯૪૫૪૦.
સરનામું –૨ : બી–૮૦૭, સુમન શૈલ સામે, મનીભદ્રા હાઈટ્સ, વેસુ કેનલ રોડ, ભરથાણા, સુરત, ગુજરાત–૩૯૫૦૦૭.

મહે.શ્રી/શ્રીમતી
અમારી કુડસદ શાખામાંથી મેળવેલ ક્રેડીટ સુવિધાઓ બાબત.

૧. અમે તમને જાણ કરીએ છીએ કે તમે **બેંક ઓફ બરોડા–કુડસદ શાખાના લોન ખાતા નં.–૪૩૫૯૦૬૦૦૦૦૧૩૪** માં તમારી હાઉસીંગ લોન ના હપ્તા ભરવામાં કસુર કર્યો છે. જેથી **તા.૧૦.૦૭.૨૦૨૬** અને તે પછી ચુકવવાના બાકી હતા. તમારી હાઉસીંગ લોન ખાતુ **તા.૦૮/૦૯/૨૦૨૬** ના રોજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ની ગાઈડલાઈન મુજબ નોના પરફોર્મીંગ એસેટ (હવે પછી) એનપીએ) વર્ગીકૃત થયું છે.

અમારા **તા.૨૭.૦૪.૨૦૨૨** ના રોજના પત્ર ક્રમાંક : Retail-00001269249-LMS માં જણાવ્યા મુજબ (હાઉસીંગ લોન) બેંકની બાકી અંગે ના સંદર્ભમાં વિવિધ ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે :

સુવિધાનો પ્રકાર	લીમીટ (રકમ રૂા. માં)	વ્યાજનો દર	તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રકમ	તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સુધીનું વ્યાજ (રકમ રૂા.માં)	૧૮/૦૯/૨૦૨૬ના રોજની કુલ બાકી રકમ (રકમ રૂા.માં)
બરોડા હોમ લોન–ખાતા નં. ૪૩૫૯૦૬૦૦૦૦૧૩૪	રૂા. ૨૮,૯૦,૪૬૪/–	૮.૨૫%	રૂા.૨૪,૨૨,૭૯૬/–	રૂા.૫૭,૭૭૬.૭૫/–	રૂા. ૨૪,૮૦,૫૭૨.૭૫/–
કુલ	રૂા. ૨૮,૯૦,૪૬૪/–	૮.૨૫%	રૂા.૨૪,૨૨,૭૯૬/–	રૂા.૫૭,૭૭૬.૭૫/–	રૂા. ૨૪,૮૦,૫૭૨.૭૫/–

કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત : શ્રીમતી ઉર્વશીબેન કેતનભાઈ મેર (દેવાદાર) અને શ્રી કેતન દિનેશભાઈ મેર (સહ–દેવાદાર) ની સ્થાયી મિલકતનું વર્ણન.
'ગ્રીન હેવન' નો પ્લોટ નં.૪૨ (કેજેપી બ્લોક નં.૨૨૮/બી/૪૨) માપ ૨૭૨.૩૨ ચો.વાર બરાબર ૨૨૭.૬૯ ચો.મી, ના વણવહેંચાયેલ હિસ્સા સહિત સીઓપી માપ ૩૬.૫૬ ચો.મી અને ૬૩.૮૬ ચો.મી, ગ્રાઉન્ડ ફલોર અને ૧લો માળ માપ ૮૫.૩૨ ચો.મી, કુલ માપ ૩૨૮.૧૨ ચો.મી, જમીન બ્લોક ૨૨૮/બી (રેવ.સ.નં.૪૧૧) માપ હેકટર આરે ૧૪–૬૩–૯૦ ચો.મી બરાબર ૧૬૩૯૦.૦૦ ચો.મી ગામ.મુળદ, સબ–ડિસ્ટ્રીકટ તાલુકા–ઓલપાડ, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ :** જોડેની સી.ઓ.પી, **ઉત્તર તરફ :** જોડેની પ્લોટ નં.૪૩, **દક્ષિણ તરફ :** જોડેની પ્લોટ નં.૪૧ આવેલ છે.
ઉપર જણાવેલી મિલકત **તા.૧૭.૦૫.૨૦૨૨** ના રોજ મોર્ગેજ થયેલ છે. જેની નોંધાણી **તા.૧૮.૦૫.૨૦૨૨** જેનો રજીસ્ટ્રેશન નંબર.૮૦૪૫ સબ – રજીસ્ટ્રારની કચેરી ઓલપાડ, જી.સુરત ખાતે થયેલ છે CERSAI ID - 400068902143

૧. તમે **તા.૧૮.૦૯.૨૦૨૬** ના રોજથી વસુલાત સુધી ઉપરોકત રકમ પર કરાર આધારિત દરે વધારાનુ વ્યાજ પણ ચુકવવા માટે જવાબદાર છો. સંપૂર્ણ રકમ મુદત વીતી ગઈ હોવાથી તમે વાર્ષિક ૨% લેખે (સાદુ દંડાત્મક વ્યાજ પણ ચુકવવા માટે જવાબદાર છો. મહેરબાની કરીને નોંધ લેશો કે બેંકે ૧% લેખે દંડના વ્યાજની ગણતરી કરી અને (સરળ વ્યાજનો) દાવો કર્યો છે. એકાઉન્ટ સ્ટેટમેન્ટ આ સાથે સામેલ છે.
૨. તમે જાણો છો કે તમે ઉપરોકત બાકી રકમના **તા.૧૮.૦૯.૨૦૨૬** ના રોજ સુધીના વધારાના ડ્રોઈંગ્સ અને વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખાતામાં ડેબિટ થયેલા અન્ય ચાર્જીસનો સમાવેશ થાય છે. ૩. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૨૪,૮૦,૫૭૨.૭૫/– (રૂપિયા ચોવીસ લાખ એંસી હજાર પાંચસો બોત્તેર અને પંચોતેર પૈસા પુરા)** ની જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૪. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. **૫.** તમારૂ ધ્યાન આ ધારાની ૧૩ ની કલમ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૬. **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૭. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૧૮.૦૯.૨૦૨૬ | સ્થળ: સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, કુડસદ શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — મોર ભગવા શાખા : તા.ઓલપાડ મોર ભગવા, સુરત–૩૯૪૫૩૦ E-Mail Id : bhagva@bankofbaroda.bank.in

કબજા નોટીસ (ધારા ૧૩(૪)) (સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૦.૦૭.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી સુનિતાબેન સુરેશભાઈ મોરકર (દેવાદાર) અને શ્રી ગિરીશભાઈ એન. મોરકર (જામીનદાર અને ગીરવેદાર) અને શ્રી નરેન્દ્રભાઈ સોનાભાઈ પટેલ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૦૪,૫૩૪.૦૩ (રૂા. અગિયાર લાખ ચાર હજાર પાંચસો ચોત્રીસ અને ત્રણ પૈસા પુરા) વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૪મી ઓકટોબર સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૧,૦૪,૫૩૪.૦૩** વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન
તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'શ્રી રામદેવનગર રો હાઉસ કો.ઓ.હાઉ.સો.લિ' નો રો હાઉસ નં.૫૦, માપ પ્લોટ એરિયા આશરે ૧૩૩.૧૫ ચો.મી અને તેના બાંધકામ નું માપ ૮૦.૧૦ ચો.મી, ભોયતળીયા અને ૧લો માળ, રેવન્યુ સર્વે નં.૩૦૩, ટી.પી.એસ.નં.૧૩ (અડાજણ), ફાઈનલ પ્લોટ નં.૨૫૬ મોજે અડાજણ, તા.અડાજણ જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે જેની ચર્તુદિશા : **ઉત્તરે** : પ્લોટ નં.૫૭, **દક્ષિણે** : સોસાયટીનો રોડ, **પુર્વેઃ** જોડેનો એફ.પી નં.૨૬૨, **પશ્ચિમેઃ** પ્લોટ નં.૫૧ આવેલ છે.

તા.૧૪.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, મોર ભગવા શાખા.

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

બીઓ : ઉધના રોડ શાખા (૪૫૩૫૦૦) : ૧લો માળ, ક્રોસ કોર્નર બિલ્ડીંગ, ઉધના ત્રણ રસ્તા, સુરત–૩૯૪૨૧૦ ફો નં.: ૦૨૬૧–૨૨૭૦૦૧૦ email: bo4535@pnb.bank.in

કબજા નોટીસ

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન અને રિકસ્ટ્રકશનઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) ના રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૦૩.૦૮.૨૦૨૬** ના રોજ હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી દેવેન્દ્રસિંહ નટવરસિંહ સોલંકી (દેવાદાર અને ગીરવેદાર), શ્રીમતી વર્ષાબેન દેવેન્દ્રસિંહ સોલંકી (સહ દેવાદાર અને ગીરવેદાર) અને શ્રી સંજય ભિલાભાઈ છીરછત (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૬,૪૨,૮૪૫.૩૮/– (અંકે રૂા. છ લાખ બેતાલીસ હજાર આઠસો પીસ્તાલીસ અને આડત્રીસ પૈસા પુરા) તા.૩૧.૦૭.૨૦૨૬** ના રોજના **(૩૧.૦૭.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ અને ખર્ચાઓ આ નોટીસ/તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો/જામીનદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમો અંતર્ગત આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૩મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૬,૪૬,૫૧૦.૫૮/– (અંકે રૂા. છ લાખ છેતાલીસ હજાર પાંચસો દસ અને અઠ્ઠાવન પૈસા પુરા) તા.૩૦.૦૯.૨૦૨૬** ના રોજના **(૨૯.૦૯.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ અને ખર્ચાઓ આ નોટીસ/તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન
તમામ ભાગ અને હિસ્સો ધરાવતો સ્થાયી મિલકત કે જે **'અંજની નંદન રેસીડન્સી'** તરીકે ઓળખાતી હાઉસીંગ કોમ્પલેક્ષ ની **બિલ્ડીંગન નં. બી–૧ ૩જા માળ નો ફ્લેટ નં.૩૦૩** બિલ્ટઅપ એરીયા આશરે માપ ૪૫.૮૭ ચો.મી વણવહેચાયેલ પ્રમાણસર ૨૦.૯૯ ચો.મી હિસ્સા સહિત ખુલ્લી જમીન અને ૨.૩૪ ચો.મી સીઓપી જમીન રેવન્યુ સર્વે નં.૯૮, તેનો બ્લોક નં.૯૯ મોજે ગામ.સણીયા કણડે, તા.ચોર્યાસી, જી.સુરત, ખાતે **શ્રી દેવેન્દ્રસિંહ નટવરસિંહ સોલંકી** અને **શ્રીમતી વર્ષાબેન દેવેન્દ્રસિંહ સોલંકી** ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેની બિલ્ડીંગ નં.બીર, **પશ્ચિમ તરફ** : ખુલ્લી જમીન, **ઉત્તર તરફ** : સોસાયટીનો રોડ, **દક્ષિણ તરફ** : ખુલ્લી જમીન.

તારીખ : ૧૩.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

હજીરા શાખા : સિધ્ધી પ્લાઝા, ક્રિબકો હાઉસીંગ કોલોની પાસે, ઈચ્છાપોર, સુરત– ૩૯૪૨૭૦ ફો નં.:૦૨૬૧ ૨૯૮૮૫૫૦ email: bo133610@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન અને રિકસ્ટ્રકશનઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૩ ના ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૦૧/૦૭/૨૦૨૬** ના રોજ હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર, **ક્રિષ્ણા રોહિદાસ જગદેવ સહદેવાદાર/ગીરવેદાર, શ્રીમતી રેખાબાઈ ક્રિષ્ણા જગદેવ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૯,૪૭,૫૯૫.૯૪/– (અંકે રૂા.નવ લાખ સુડતાલીસ હજાર પાંચસો પંચાણું અને ચોરાણું પૈસા પુરા) તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજના** વધારાનું વ્યાજ અને આકસ્મિક ચાર્જીસ તા.૦૧.૦૭.૨૦૨૬ સુધી આ નોટીસ તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો /ગીરવેદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમો અંતર્ગત આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) ના ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૫મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો /ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૯,૬૭,૫૫૮.૯૪/– (અંકે રૂા.નવ લાખ સડસઠ હજાર પાંચસો અઠાવન અને ચોરાણું પૈસા પુરા) તા.૩૦/૦૯/૨૦૨૬** વ્યાજ અને આકમીક ખર્ચાઓ તા.૦૧.૧૦.૨૦૨૬ સુધી ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન
તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આરાધના પ્લેટીનીયમ વિભાગ–૩,નો પ્લોટ નં.૮૯(કેજેપી મુજબ બ્લોક નં.૪૬૨/૮૯) માપ ૪૦.૫૦ ચો.મીટર, રોડ અને સીઓપી માપ ૩૦.૧૪ ચો.મી ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત જમીનનો રેવન્યુ સર્વે નં.૪૭૦, બ્લોક નં.૪૬૨,ગામ.ઉમરખ, તા.બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે.

તારીખ : ૧૫.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **શાસ્ત્રી રોડ બારડોલી શાખા :** સત્ય સાંઈ ચોક નજીક, શાસ્ત્રી રોડ, બારડોલી, સુરત, ૩૯૪૬૦૧, e-mail : shabar@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ (રૂલ ૮(૧)**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા, શાસ્ત્રી રોડ બારડોલી શાખા, જી.સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૨/૦૧/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદાર **શ્રી શિવાજી અશોક પાટીલ અને શ્રી સંભાજી અશોક પાટીલ (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ કલમ ૧૩(૨) મુજબ **રૂા.૭,૩૯,૫૪૧.૬૭/– (અંકે રૂા. સાત લાખ ઓગણચાલીસ હજાર પાંચસો એકતાલીસ સડસઠ પુરા) તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ અને અન્ય ચાર્જીસ સહિત** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહ–દેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૪મી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો **સાંકેતિક કબજો** મેળવેલ છે.

ખાસ દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક **ઓફ બરોડા** ની રકમ **રૂા.૭,૩૯,૫૪૧.૬૭/– (અંકે રૂા. સાત લાખ ઓગણચાલીસ હજાર પાંચસો એકતાલીસ સડસઠ પુરા) તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ અને વધારાનું વ્યાજ, અન્ય ચાર્જીસ સહિત** ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન
તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'ગોવિંદજી પાર્ક સોસાયટી' ના ભાગ ના ખુલ્લો પ્લોટ [illegible]

તા. ૧૪.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, [illegible]

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **શાસ્ત્રી રોડ બારડોલી શાખા :** સત્ય સાંઈ ચોક નજીક, શાસ્ત્રી રોડ, બારડોલી, સુરત, ૩૯૪૬૦૧, e-mail : shabar@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ (રૂલ ૮(૧)**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા, શાસ્ત્રી રોડ બારડોલી શાખા જી.સુરત.** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૦૪/૦૨/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદાર **શ્રી અનિલકુમાર શિવચરણ પલ અને શ્રી સુનિલકુમાર શિવચરણ પલ (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ કલમ ૧૩(૨) મુજબ **રૂા.૧૫,૦૫,૬૭૭.૦૦/– (અંકે રૂા. પંદર લાખ પાંચ હજાર છસો સીત્તોતેર પુરા) તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ અને અન્ય ચાર્જીસ સહિત** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહ–દેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૪મી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો **સાંકેતિક કબજો** મેળવેલ છે.

ખાસ દેવાદાર/સહ–દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક **ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૫,૦૫,૬૭૭.૦૦/– (અંકે રૂા. પંદર લાખ પાંચ હજાર છસો સીત્તોતેર પુરા) તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ અને વધારાનું વ્યાજ, અન્ય ચાર્જીસ સહિત** ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન
તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શિવંતા હોમ્સ–૧' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં.૧૭૮ (કે.જે.પી મુજબ બ્લોક નં.૪૫૦/૧૭૮) પ્લોટ એરીયા માપ ૬૦.૩૯ ચો.મી એટલે ૭૨ ચો.વાર. નાપ્રમાણસર [illegible]

તા. ૧૪.૧૦.૨૦૨૬ | સ્થળ : [illegible] — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, શાસ્ત્રી રોડ, બારડોલી શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **શાસ્ત્રી રોડ બારડોલી શાખા :** સત્ય સાંઈ ચોક નજીક, શાસ્ત્રી રોડ, બારડોલી, સુરત, ૩૯૪૬૦૧, e-mail : shabar@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ (રૂલ ૮(૧)**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

[illegible]

સ્થાયી મિલકતનું વર્ણન

[illegible]

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — **શાસ્ત્રી રોડ બારડોલી શાખા :** સત્ય સાંઈ ચોક નજીક, શાસ્ત્રી રોડ, બારડોલી, સુરત, ૩૯૪૬૦૧, e-mail : shabar@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ (રૂલ ૮(૧)**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

[illegible]

સ્થાયી મિલકતનું વર્ણન

[illegible]